*If you want to fly, We provide wings...*

# ICE ®

# TRENDING CURRENT

## TOPIC 41

## કોર્પોરેટ ટ્રેન મોડેલ



ચર્ચામાં શા માટે ?

કોર્પોરેટ ટ્રેન મોડેલ વિશે :-

ફાયદા :-

**સંપાદક**

મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-41નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- ભારતીય રેલવે સંચાલિત કાશી મહાકાલ એક્સપ્રેસને ત્રીજી કોર્પોરેટ ટ્રેનનો દરજ્જો મળ્યો છે. ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ ટ્રેનને રવાના કરી હતી.
- આ ટ્રેન મધ્યપ્રદેશમાં ઈન્દોર નજીક આવેલું ઓમકારેશ્વર, ઉજ્જૈનમાં મહાકાળેશ્વર તથા ઉત્તરપ્રદેશમાં વારાણસીના કાશી વિશ્વનાથ એમ ત્રણ યાત્રાધામોને જોડશે.
- આ ટ્રેન અઠવાડિયામાં ત્રણવાર વારાણસી અને ઈન્દોર વચ્ચે દોડશે (એકવાર પ્રયાગરાજ અને બે વાર લખનૌ થઈને દોડશે)

## કોર્પોરેટ ટ્રેન મોડેલ વિશે :-

- અગાઉ આ કોર્પોરેટ ટ્રેનનો દરજ્જો દિલ્હી-લખનૌ અને મુંબઈ-અમદાવાદ રૂટ વચ્ચે સંચાલિત બે તેજસ એક્સપ્રેસ ટ્રેનોને મળ્યો હતો.
- જાહેરક્ષેત્રની “ઈન્ડિયન રેલવે કેટરિંગ અને ટુરિઝમ કોર્પોરેશન” (IRCTC) દ્વારા નિયમિત ચાલતી યાત્રી ટ્રેનોને “આઉટસોર્સ” (ખાનગીકરણ)કરવામાં આવશે.
- IRCTC એ ભારતીય રેલવેનો જાહેરક્ષેત્રનો ઉપક્રમ છે. તે કેટરિંગ, પર્યટન અને ઓનલાઈન ટિકિટ વિતરણનું કાર્ય સંભાળે છે તથા તેમણે ખાનગી ટ્રેનોનું સંચાલન પણ શરૂ કર્યું છે.
- આ મોડેલ એક પાયલોટ પ્રોજેક્ટ છે. આ મોડેલની સફળતાથી ખાનગી ક્ષેત્રને લગભગ 100 રેલવે રૂટ પર 150 ટ્રેનો ચલાવવાની તક મળશે.
- આ મોડેલમાં ભાડા, ખોરાક, ફરિયાદ અને ટ્રેનની અંદરની મૂળભૂત સુવિધાઓ જેવી સેવાઓ IRCTC સંભાળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતીય રેલવે હવે સેવા પ્રદાનની ભૂમિકાથી મુક્ત થશે અને રેલવે માળખાના ઉપયોગની મંજૂરી આપવા માટે IRCTC પાસેથી પૂર્વનિર્ધારિત રકમ મેળવશે.
- આ મોડેલના ત્રણ મુખ્ય ઘટકો હૌલેજ, લીઝ અને કસ્ટડી છે. (હૌલેજ= ટ્રેન દ્વારા માલ-સામાન પરિવહનનો વ્યવસાય)
- કોર્પોરેટ ટ્રેન તેજસ માટે IRCTC દ્વારા ચૂકવવામાં આવેલ હૌલેજ ચાર્જ રૂ.800 પ્રતિ કિલોમીટર છે. તેમાં નિશ્ચિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા કે ટ્રેક, સિગ્નલિંગ, ડ્રાઈવર અને સ્ટેશન સ્ટાફના ઉપયોગ માટેના ચાર્જ સામેલ છે.
- આ ઉપરાંત IRCTC એ લીઝ ચાર્જ અને કસ્ટડી ચાર્જ પણ ચૂકવવો પડશે. આ દરેક ઘટક દ્વારા ભારતીય રેલવેને દિલ્હી-લખનૌ રૂટ પર દરરોજ 2 લાખ રૂપિયાની આવક થાય છે.

## ફાયદા :-

- ભારતીય રેલવેને તેમના પોતાના ઓવરહેડ્સને (સામાન્ય વ્યવસ્થા-ખર્ચ) કારણે ઓછા ભાડા અને ખર્ચની ઓછી આવકની સ્થિતિમાં આ ટ્રેનોના સંચાલન સાથે સંકળાયેલા નુકસાનનો સામનો કરવો પડશે નહીં તથા રેલવે કોચની જાળવણી કરવામાં પણ સક્ષમ બનશે.
- કાશી મહાકાલ એક્સપ્રેસની સુવિધાઓમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સંપૂર્ણપણે શાકાહારી ભોજન, સી.સી.ટી.વી. કેમેરા, સિક્યુરિટી, હાઉસકીપિંગ સ્ટાફ જેવી અનેક સુવિધાઓ અને સેવાઓ પ્રદાન કરશે.
- IRCTC એ જણાવ્યું હતું કે ટ્રેનમાં મુસાફરી કરતા દરેક મુસાફરોને મુસાફરી દરમિયાન 10 લાખ રૂપિયાનો મફત વીમો પણ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT